જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૮/૨૦૨૨   ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૧૪૬૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૩,૮૦,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૮ બિયર ટીન અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૬ કેસ કરી, ૯૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૬,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૧/૨૦૨૨**

**ઓઢવઃ** હેમંત વાલચંદ ભંડારી (ઉ.વ.૪૫) (રહે. સન એક્ઝોટીકા માધવ ફાર્મ સામે વસ્ત્રાલ રામોલ) એ તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓઢવ શ્રીરામ એસ્ટેટના શેડ નંબર-૩૦ “શુભ પ્લાસ્ટિક” નામની પોતાની પેઢીમાં મેનેજર તરીકે કામ કરતા સ્મિથ રાજેશભાઇ માંકડીયા (રહે. શ્રીધર પેરેડાઇઝ શ્રીધર એવન્યુની બાજુમાં યુ.એસ. પીઝા સામે વસ્ત્રાલ) એ તા.૧૧/૦૧/૨૦૨૦ થી તા.૦૮/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન હેમંત ભંડારીની પેઢીનો માલ પેઢીમાંથી બારોબાર અન્ય પાર્ટીને વેચાણ આપી અથવા સગે-વગે કરી તેના નાણાં બારોબાર મેળવી લઈ તેમજ બોગસ બિલો બનાવી પેઢીના સ્ટોકમાંથી જુદા-જુદા માલસામાન કિમત રૂપિયા ૫૯,૨૦,૦૦૦/- તેમજ માલ પેટેના રોકડ નાણાં ૩૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૪,૨૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૨/૨૦૨૨**

**શાહપુરઃ** મુળસિંહ જેઠુસિંહ રાજપુત (રહે. નાની હમામની પોળના નાકે ધી કાંટા શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૧૭/૦૮/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- અને મોબાઇલ ફોન નંગ-૨ મળી કુલ રૂપિયા ૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.સીસોદિયા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૩/૨૦૨૨</u>**

**શાહીબાગઃ** કુસુમબહેન વા/ઓ પારસમલ કોઠારી (ઉ.વ.૬૫) (રહે. ઓર્ચીડ ગ્રીન ફલેટ ગિરધરનગર બ્રીજ પાસે અસારવા શાહીબાગ) તા.૧૭/૦૮/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રાજસ્થાન હોસ્પીટલ આઇ.સી.આઇ.સી.આઇ.બેન્ક આગળથી પતિ સાથે એકટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો કુસુમબહેન કોઠારીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૩,૦૦૦/- ઝુંટવી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુસુમબહેન કોઠારીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૪/૨૦૨૨</u>**

**એસ.જી.હાઈ-વે ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રેખાબહેન કિશનભાઈ મારવાડી (રહે.લકી એસ્ટેટ સાબર હોટલ પાછળ સાણંદ સર્કલ પાસે સરખેજ) એ એસ.જી.હાઈ-વે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૨ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે રેખાબહેન અને તેમના દાદી સાસુ શાંતાબહેન ગલબાજી મારવાડી (ઉ.વ.૬૫) સરખેજ લકી એસ્ટેટ સાબર હોટલ પાછળ સાણંદ સર્કલ પાસે રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે લોડીંગ રિક્ષા ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા રેખાબહેનના દાદી સાસુ શાંતાબહેન મારવાડીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૫/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** અંકિત અશ્વિનભાઇ ભટ્ટ (ઉ.વ.૩૧) (રહે. સાથી એપાર્ટમેન્ટ ગુરુકુળ રોડ મેમનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા વલ્લભ સદન પાસે સીડી નંબર-૩૨ ઘાટ નંબર-૭ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** મનિષભાઇ બ્રિજેશભાઇ ખરવાર (ઉ.વ.૧૮) (રહે. બિશાતી શેઠની ચાલી મેટ્રોપિલર નંબર-૫૧ પાસે ભીલવાડા અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી